સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધુ થવાની જરૂર છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૮૨ ● તારીખઃ ૦૨.૦૬.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## દેશના અર્થતંત્રમાં તેજીની રફતારઃ મે મહિનામાં GST કલેક્શન ૩.૨ ટકા વધીને ૧.૯૪ લાખ કરોડને પાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના અર્થતંત્ર માટે ફરી એકવાર ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. મે મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શનમાં સ્થિર વૃદ્ધિ નોંધાઈ છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, મે મહિનામાં દેશની કુલ GST વસૂલાત વાર્ષિક ધોરણે ૩.૨ ટકાના વધારા સાથે ૧.૯૪ લાખ કરોડના આંકડાને પાર પહોંચી ગઈ છે. ચીજવસ્તુઓ અને સેવાઓના પુરવઠામાં થયેલા સુધારા તેમજ આયાત પરથી મળતા ટેક્સ કલેક્શનમાં સતત થઈ રહેલી વૃદ્ધિને આ વધારાનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. ગત વર્ષના મે ૨૦૨૫ના સમાન ગાળામાં આ વસૂલાત ૧.૮૮ લાખ કરોડ હતી, જેની સરખામણીએ ચાલુ વર્ષનો આ આંકડો દેશની મજબૂત આર્થિક પ્રવૃત્તિઓનો સંકેત આપે છે.

રાજ્યવાર GST કલેક્શનની વિગતો જોઈએ તો દેશના તમામ રાજ્યોમાં મહારાષ્ટ્ર ફરી એકવાર મોખરાના સ્થાને રહ્યું છે. મે મહિનામાં મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૨૯,૧૪૧ કરોડનું GST કલેક્શન મેળવવામાં આવ્યું છે. દેશની આર્થિક રાજધાની મુંબઈ અને મોટા ઔદ્યોગિક કેન્દ્રોના કારણે આ રાજ્ય સતત ટોચનું સ્થાન જાળવી રાખે છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશમાં અદભુત આર્થિક અને ઔદ્યોગિક પ્રગતિના પગલે ટેક્સ કલેક્શનમાં આશરે ૧૩ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ

અનુ પાના નં.૨ પર

## આગામી ૯ જૂને પીએમ મોદીના નામે નોંધાશે મહાકીર્તિમાન

**સમય સંદેશઃ નવીદિલ્હી**



કેન્દ્રમાં મોદી સરકારના સફળ શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં આગામી ૫ જૂનથી લઈને ૨૧ જૂન સુધી વિશેષ જનસંપર્ક અને વિકાસ કાર્યોના પ્રદર્શન માટેના કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ થઈને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સુધી ચાલનારા આ ૧૭ દિવસીય અભિયાનમાં કેન્દ્ર સરકાર પોતાની મોટી સિદ્ધિઓ અને જનહિતના કાર્યોને સામાન્ય જનતા સુધી પહોંચાડશે. પરંતુ, આ ભવ્ય કાર્યક્રમોની વચ્ચે એક એવી તારીખ આવી રહી છે, જે ભારતીય લોકશાહી અને રાજકારણના ઇતિહાસમાં એક નવો અધ્યાય જોડી દેશે. આ તારીખ છે ૯ જૂન ૨૦૨૬.

વાસ્તવમાં, ૯ જૂન ૨૦૨૬ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે એક એવો અજોડ રેકોર્ડ પોતાના નામે કરવા જઈ રહ્યા છે, જે અત્યાર સુધી દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના નામે નોંધાયેલો હતો. ઐતિહાસિક તથ્યો મુજબ, જવાહરલાલ નેહરુએ દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી બાદ ૧૪ મે ૧૫૯૨ ના રોજ વડાપ્રધાન પદના શપથ લીધા હતા અને તેઓ ૨૭ મે ૧૯૬૪ (અવસાન સુધી) સતત આ પદ પર રહ્યા હતા. આ રીતે, લોકતાંત્રિક ચૂંટણી દ્વારા ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે તેમનો સળંગ કાર્યકાળ ૧૨ વર્ષ અને ૧૪ દિવસનો રહ્યો હતો. આપને જણાવી દઈએ કે વર્ષ ૧૯૪૭ થી ૧૯૫૨ સુધી જવાહરલાલ નેહરુ દેશના મનોનીત વડાપ્રધાન હતા, ચૂંટાયેલા નહીં. હવે ૯ જૂન ૨૦૨૬ ના રોજ જવાહરલાલ નેહરુના આ સૌથી લાંબા સમય સુધી સળંગ ચૂંટાયેલા પીએમ પદ

અનુ પાના નં.૨ પર

## ક્યાં છે.. આરટીઓ? ટ્રાફિક પૉલીસ?

### સમાણા રોડ પર કાયદાના લીરેલીરાઃ મુસાફરોની સાથે છત પર બે બાઇક લાદીને મોતની જોખમી સવારી




સમાણા રોડ ઉપરથી પસાર થતા એક પેસેન્જર વાહન ચાલકે ટ્રાફિક નિયમો અને માનવ જિંદગીની સુરક્ષાને નેવે મૂકીને ક્રૂરતાની હદ વટાવી દીધી છે. વાહનની અંદર ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભર્યા હોવા છતાં, લાલચુ ચાલકે વાહનની છત (ટોપ) પર પણ જોખમી રીતે અનેક લોકોને બેસાડી દીધા હતા. આટલું ઓછું હોય તેમ, મુસાફરોની સુરક્ષાને સંપૂર્ણપણે અવગણીને છત પર બે મોટરસાયકલ (બાઇક) પણ દોરડા વડે લાદી દેવામાં આવી હતી, જે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જી શકે છે. આ આખોય નજારો કોઈ હાઇવે પરથી પસાર થતા જાગૃત નાગરિકે કેમેરામાં કેદ કર્યો હતો, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ માર્ગો પર વાહન ચાલકોને પોલીસ કે કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી. સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે અને માગ ઉઠી છે કે નિર્દોષ લોકોનો જીવ જોખમમાં મૂકતા આવા બેજવાબદાર વાહન ચાલક વિરુદ્ધ આરટીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા તાત્કાલિક કડક દંડાત્મક અને કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

## ‘કોકરોચ જનતા પાર્ટી’ના સ્થાપક અભિજીત દિપક ભારતની મુલાકાતે



### શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સોશિયલ મીડિયા પર ભારે લોકપ્રિયતા ધરાવતી 'કોકરોચ જનતા પાર્ટી'ના સ્થાપક અભિજીત દિપકેએ જાહેરાત કરી છે કે તેઓ આગામી ૬ જૂનના રોજ ભારત પરત ફરી રહ્યા છે. ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો સંદેશ જાહેર કરીને તેમણે જણાવ્યું છે કે, તેઓ NEET પરીક્ષામાં થયેલી કથિત ગેરરીતિઓ, પેપર લીક વિવાદ અને શિક્ષણ પ્રણાલીમાં સર્જાયેલી ખામીઓ સામે અવાજ ઉઠાવશે. આ વિવાદોને કારણે દેશના લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય મુશ્કેલીમાં મુકાયું હોવાનો દાવો કરીને તેઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં એક શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરશે.

અભિજીત દિપકેએ પોતાના વીડિયોમાં સમર્થકો અને વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, હવે સમય આવી ગયો છે જ્યારે આપણે બધાએ બંધારણીય માર્ગે ચાલીને સાથે મળીને અવાજ ઉઠાવવો પડશે. તેમણે માહિતી આપી હતી કે તેઓ ૬ જૂને સવારે દિલ્હી એરપોર્ટ પહોંચશે અને લોકોને ત્યાં ઉપસ્થિત રહેવા વિનંતી કરી છે. ત્યારબાદ તેઓ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન જઈને જંતર-મંતર ખાતે સત્તાવાર રીતે વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી માંગશે. શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરતી તેમની ઓનલાઈન અરજીને પણ લાખો લોકોનું સમર્થન મળ્યું હોવાનો તેમણે દાવો કર્યો છે.

નોંધનીય છે કે, 'કોકરોચ જનતા પાર્ટી' એ કોઈ પરંપરાગત રાજકીય પક્ષ નથી, પરંતુ અભિજીત દિપક દ્વારા શરૂ કરાયેલી યુવા-સંચાલિત એક અત્યંત શક્તિશાળી સોશિયલ મીડિયા ચળવળ છે. આ ડિજિટલ પક્ષે ખૂબ જ ટૂંકા સમયમાં દેશના યુવાનો અને

અનુ પાના નં.૨ પર

## હવે અલગ-અલગ એફિડેવિટની કડાકૂટમાંથી મળશે મુક્તિ

### ગુજરાતમાં હવે એક જ 'યુનિવર્સલ એફિડેવિટ'ભૂપેન્દ્ર સરકારનો મહત્વનો નિર્ણય

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં સરકારી સેવાઓ મેળવવા માટે નાગરિકોને વારંવાર જુદા-જુદા લખાણવાળા એફિડેવિટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં નાગરિક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવાના ભાગરૂપે કાયદા વિભાગે રાજ્યવ્યાપી સ્વીકાર્ય યુનિવર્સલ એફિડેવિટનું નવું ફોર્મેટ જાહેર કર્યું છે. હવેથી જે સેવાઓમાં કાયદા કે નિયમ મુજબ સોગંદનામું જરૂરી હોય પરંતુ કોઈ ચોક્કસ ફોર્મેટ નક્કી ન હોય, ત્યાં આ એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજ્યમાં માન્ય રાખવામાં આવશે.

અત્યાર સુધી રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગો દ્વારા અપાતી વિવિધ વ્યક્તિલક્ષી સેવાઓ, દાખલાઓ કે યોજનાઓનો લાભ લેવા માટે અરજદારોએ અનેક પ્રકારના જુદા-જુદા સોગંદનામાં રજૂ કરવા પડતા હતા. દસ્તાવેજોમાં આ પ્રકારની વિવિધતાને કારણે બિનજરૂરી જટિલતા ઊભી થતી હતી અને સામાન્ય જનતાનો સમય વેડફાતો હતો તેમજ વહીવટી પ્રક્રિયામાં વિલંબ થતો હતો. નાગરિકોને આ હાલાકીમાંથી મુક્તિ આપવા માટે સરકારે આ વહીવટી સુધારો કર્યો છે.

આ નવું યુનિવર્સલ એફિડેવિટ તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજિયાતપણે સ્વીકારવામાં આવશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જન સેવા કેન્દ્રો ખાતે

અનુ પાના નં.૨ પર

## નવા પદાધિકારીઓએ ધર્મગુરુઓના આશીર્વાદ લીધા

### પદભાર સંભાળ્યા બાદ વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી





તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી અઢી વર્ષ માટે નવા પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ પદાધિકારીઓએ પદભાર સંભાળ્યા બાદ શહેરના વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી અને સંતો-મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

આ શુભેચ્છા મુલાકાતમાં જામનગરના મેયર મોનીકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધિરેનભાઈ મોનાણી, દંડક પ્રવિણાબેન રૂપડીયા, શાસકપક્ષના નેતા અમર મોદી, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી અને શહેર ભાજપ મહામંત્રી ભાવેશભાઈ કુંભાર સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પદાધિકારીઓએ આણદાબાવા આશ્રમના મહંત દેવપ્રસાદજી મહારાજ, ખીજડા

અનુ પાના નં.૨ પર

## ખેડૂતો માટે રાહતના સમાચારઃ ચોમાસું કેરળના દ્વારે પહોંચ્યું, ગમે તે ક્ષણે સત્તાવાર એન્ટ્રીની શક્યતા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના કરોડો ખેડૂતો અને સામાન્ય નાગરિકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તે ચોમાસું હવે કેરળના દરવાજે પહોંચી ગયું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વરસાદી સિસ્ટમ હાલમાં સામાન્ય ગતિએ આગળ વધી રહી છે અને ગમે તે સમયે કેરળમાં સત્તાવાર રીતે પ્રવેશ કરી શકે છે. ભારતીય કૃષિ અને અર્થતંત્ર માટે અત્યંત મહત્વ ધરાવતા આ ચોમાસાના આગમનની આહટ સાથે જ ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે, કારણ કે દેશની ખેતીનો મોટો હિસ્સો સીધો વરસાદ પર આધારિત છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, કેરળમાં પ્રવેશ કર્યા બાદ ચોમાસું તબક્કાવાર રીતે દેશના અન્ય ભાગોમાં આગળ વધશે. કેરળથી મહારાષ્ટ્ર સુધી પહોંચવામાં ચોમાસાને અંદાજે એક સપ્તાહ અને મુંબઈ સુધી પહોંચતા લગભગ ૧૦ દિવસ જેટલો સમય લાગી શકે છે. જો વાતાવરણમાં કોઈ મોટા અવરોધો ન આવે અને સ્થિતિ અનુકૂળ રહે, તો આગામી ૪૫ દિવસમાં ચોમાસું સમગ્ર દેશને આવરી લેશે. સામાન્ય રીતે દક્ષિણ ભારતથી શરૂ થતી આ સફર પશ્ચિમ અને મધ્ય ભારત થઈને ઉત્તર ભારત સુધી પહોંચતી હોય છે. ચોમાસાની ગતિ અને પ્રગતિ સમુદ્રના પાણીનું તાપમાન, પવનની

અનુ પાના નં.૨ પર

## અમદાવાદઃ નવરંગપુરાના સ્પોર્ટ્સ ક્લબમાં બોમ્બ હોવાની ધમકી, તંત્ર દોડતું થયું, તપાસ શરૂ

**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર નવરંગપુરામાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમ નજીકના સ્પોર્ટ્સ ક્લબમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો મેસેજ મળતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્થાનિક નવરંગપુરા પોલીસનો કાફલો તાત્કાલિક અસરથી સ્થળ પર રવાના થઈ ગયો હતો. આ ધમકી મળ્યા બાદ તુરંત જ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે અને ક્લબ પરિસરને ખાલી કરાવીને સુરક્ષા વધારી દેવામાં આવી છે.

મહત્વનું છે કે નારણપુરા પોલીસ સ્ટેશનની હદમાં નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ પાસે આ સ્પોર્ટ્સ ક્લબ આવેલું છે. પોલીસને એક લેટર દ્વારા આ અંગે જાણ થઈ છે. ધમકીના પગલે કોઈ પણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં રાજ્યસભાની ૪ બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર

### ૧૮ જૂને મતદાન, કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થવાના આરે

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત સહિત દેશના ૧૦ રાજ્યોમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડીને વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ, ગુજરાતની ૪ મહત્વની રાજ્યસભા બેઠકો માટે આગામી ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સવારે મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરીને પરિણામો જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૦૮ જૂન ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ ૦૯ જૂને ફોર્મની ચકાસણી થશે અને ૧૧ જૂન સુધીમાં ફોર્મ પરત ખેંચી શકાશે. ગુજરાતમાંથી જે ૪ સાંસદો નિવૃત થઈ રહ્યા છે તેમાં રામભાઈ મોકરીયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો સમાવેશ થાય છે. આ ચૂંટણી ગુજરાત કોંગ્રેસ માટે મોટો આંચકો સાબિત થવા જઈ રહી છે, કારણ કે આ જૂન મહિના પછી રાજ્યસભામાં

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# તેજી-મંદી... ટોમ એન્ડ જેરી !

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં છે એવી જ ઠંડક બાંધકામ ક્ષેત્રમાં ઘર કરી ગઈ છે. સરકારે આ ક્ષેત્રમાં કરોડો રૂપિયા ઠાલવ્યા છે જેનો લાભ ચપટીક લોકોને જ મળ્યો છે. નાણાં અને પોલિસીનો ભેદ એનડીએ સરકાર હજુ સમજી શકી નથી. આ બધાના લીધે રિયલ એસ્ટેટમાં એકદમ મંદી આવી ગઈ છે. ગયા વર્ષના આંકડા મુજબ જુદા જુદા શહેરોમાં હજારો મકાન રેડી પઝેશનમાં તૈયાર બેઠા છે, પણ ખરીદનારું કોઈ મળી રહ્યું નથી. સેલ્સ કોલનું પ્રમાણ તો ધૂમ છે પણ એક વાર સ્કીમ જોઈ ગયા પછી ગ્રાહકને ક્લોઝ કરવામાં બિલ્ડરોને નાકે દમ આવી જાય છે. બેન્કોના લોનના ધોરણો પણ ઉદાર છે તો પણ લોકોમાં ભાડાના ઘરમાંથી ઘરના ઘરમાં જવાનો ઉત્સાહ નામશેષ થઈ ગયેલો દેખાય છે. જે લોકો રોકાણ કરવા માટે મકાન ખરીદતા એ લોકોએ પણ પાછીપાની કરી લીધી છે. આને લીધે અર્થવ્યવસ્થાને સારો ફટકો પડયો છે માટે રિયલ એસ્ટેટને પ્રોત્સાહન આપવા માટે સરકારે તજવીજ શરૂ કરી દીધી છે. પણ એનું કોઈ નક્કર પરિણામ મળી નથી રહ્યું. રિયલ એસ્ટેટની મંદી લાંબા ગાળાની અર્થવ્યવસ્થા માટે પણ ચિંતાજનક છે. લોકડાઉન અને કોરોનાએ આ સેક્ટરને ગંભીર નુકસાન કર્યું હતું ને એના પછી હવે અખાતી યુદ્ધના પડછાયે આકાર લેતી મંદીની મોસમ ચકરાવા લઈ રહી છે. રિયલ એસ્ટેટનું ક્ષેત્ર લાખો લોકો માટે રોજગારી પેદા કરી આપે છે. કારીગર, એન્જિનિયર, માલસમાન બનાવતા ઉત્પાદકો સહિત હજારો એકમોને રિયલ એસ્ટેટ રોજગારી આપતું હોય છે. મકાન બની જાય પછી પણ તેના નિભાવ માટે સિક્યોરિટી સહિત ઘણી સેવાઓમાં રોજગારની તકો ઉભી થતી હોય છે. હવે અહીં મંદી આવે માટે બધા એકમોને ખરાબ અસર પડે જે અર્થતંત્રને સીધી અસર કરે. એવું નથી કે લોકોને નવું ઘર ખરીદવાની જરૂર નથી, પણ પ્રજાની ખરીદશક્તિ જ રહી નથી. મોંઘવારી વધી તેને કારણે લોકો કરકસર તરફ વળ્યાં છે અને મોટી ખરીદીને પાછળ ઠેલી રહ્યા છે. એની અસર જમીન-મકાન સિવાય વાહનના ઉદ્યોગ પર પણ પડી છે. આ વિષચક્ર ઘણા સમયથી ચાલતું આવ્યું છે. કોરોના પહેલા જેમ ઓટો ઉદ્યોગ માટે મંદીના વાયરા ચોતરફ વાતા હતા તેમ હવે કેટલાક બિલ્ડરો મંદીથી ઘેરાઈ ગયા છે. સરકારની ઘણી આર્થિક નીતિઓ આ દુર્વ્યવસ્થા માટે જવાબદાર છે. નોટબંધી અને જીએસટીની અણઘડ નીતિનો માર હજુ અર્થવ્યવસ્થાને અસર કરી રહ્યો છે. લોકોના હાથમાંથી પૈસો ગાયબ થઈ રહ્યો છે અને રોજગારી છીનવાઈ રહી છે.




# દ્વારકા શારદાપીઠમાં જગદ્ગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનું આગમન

**સમય સંદેશઃ દ્વારકા**

પશ્ચિમામ્નાય અનંતશ્રી વિભૂષિત સ્વામી સદાનંદ સરસ્વતી



દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીનું ગઈકાલે સોમવારના રોજ સાંજે ૫ વાગ્યે દ્વારકામાં શ્રી શારદાપીઠ, શ્રી શંકરાચાર્ય મઠ ખાતે શુભ આગમન થયું હતું. શારદાપીઠ પરિવાર દ્વારા પૂજ્ય શંકરાચાર્ય મહારાજશ્રીના આગમનને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી, મહારાજના આગમન પ્રસંગે શ્રદ્ધાળુઓ, સંત-મહંતો તેમજ ધર્મપ્રેમીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આશીર્વાદ પ્રાપ્ત કરશે. ભક્તજનોને મહારાજના દર્શન તથા આશીર્વાદનો લાભ મળી રહે તે માટે દર્શનનો સમય પણ જાહેર કરવામાં આવ્યો છે. દર્શન માટે સવારે ૧૦ થી ૧૨ તથા સાંજે ૬ થી ૮ વાગ્યા સુધીનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

શારદાપીઠ તંત્ર દ્વારા તમામ શ્રદ્ધાળુઓને દર્શન સમય દરમિયાન ઉપસ્થિત રહી પૂજ્ય જગદગુરૂ શંકરાચાર્ય મહારાજશ્રીના દર્શન, વંદન અને આશીર્વાદનો લાભ લેવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગર ભાણેજ ઉપર મામા-મામી દ્વારા હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના દી-પ્લોટ વિસ્તારમાં પારિવારિક મનદુઃખના સમાધાન માટે ગયેલા મામલે ભાણેજ પર મામા, મામી સહિતનાઓએ હુમલો કરી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પવનચકી રોડ સ્થિત આવેલા વિનસ પ્લાઝામાં રહેતા માસુમભાઈ નીતિનભાઈ નંદાએ આરોપી દીનેશ શંકરલાલ કનખરા, જાગૃતીબેન દીનેશભાઇ કનખરા તથા યશ પરેશભાઇ કનખરા અને ભવ્ય દીનેશભાઇ કનખરા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મામા દિનેશભાઈ કનખરા અને અન્ય પરિવારજનો સાથે અગાઉથી બોલાચાલી થતા સમાધાન માટે તેમના ઘરે ગયા હતા. ત્યાં દિનેશભાઈ કનખરા અને જાગૃતિબેને ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. આ બબાલ વેળાએ યશ કનખરા અને ભવ્ય કનખરા પણ આવી પહોંચ્યા હતા અને ચારેયે મળીને ફરિયાદી સાથે જપાજપી કરી ઝાપટા અને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન દિનેશએ છરી વડે હુમલો કરી જમણા સાથળના પાછળના ભાગે ઈજા પહોંચાડતા આશરે સાતથી આઠ ટાંકા લેવા પડ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

## દ્વારકા તાલુકા પેન્શનર મંડળની વાર્ષિક સાધારણ સભા આગામી રવિવારે યોજાશે

**સમય સંદેશઃ દ્વારકા**
**(બુધાભા ભાટી દ્વારા)**

દ્વારકા તાલુકા પેન્શનર મંડળ, દ્વારકા દ્વારા વર્ષ ૨૦૨૬ની વાર્ષિક સાધારણ સભાનું આગામી તા.૭.૬.૨૬ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે 'ગોકુલ ભુવન' (સિદ્ધનાથ રોડ, દ્વારકા) ખાતે આયોજન કરાયું છે. આ બેઠકમાં મંડળના સભ્યો માટે સ્વરૂચી ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા પેન્શન અથવા કુટુંબ પેન્શન (Family Pension) મેળવતા તમામ નિવૃત્ત કર્મચારીઓને આ સભામાં હાજર રહેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ભોજન તેમજ અન્ય વ્યવસ્થાના ભાગરૂપે સભામાં ઉપસ્થિત રહેનાર તમામ નિવૃત્ત કર્મચારીઓએ પોતાનું નામ અગાઉથી નોંધાવવું ફરજિયાત છે. નામ નોંધાવવા માટે (૧)વિજયભાઈ ભાયાણી. ૯૮૨૫ ૭૧૨૩૩૩, (૨)કે. યુ. જેઠવા- ૮૩૨૦૫૧૩૫૨૯, (૩)ડો. બંકિમભાઈ જેઠવા - ૯૫૧૦ ૧૨૩૩૨૪ અને (૪)રમેશભાઈ સામાણી - ૯૨૨૮૮૭૨૯૯૬ દર્શાવેલા કોઈપણ એક વ્યક્તિને ફોન, મેસેજ અથવા વોટ્સએપ દ્વારા સંપર્ક કરી શકાશે.

# જોડિયાની મહિલા ઉપર પતિ અને જેઠ દ્વારા હુમલો

**સમય સંદેશઃ જોડિયા**

જોડિયાના મોટા વાસ વિસ્તારમાં રહેતા ફરીયાદી ફરીદાબેન અસગરભાઈ ભગાડ અને તેમના પતિ અસગરભાઈ વચ્ચે છેલ્લા ત્રણેક વર્ષથી મનમેળ ન હોવાથી તેઓ અલગ રહેતા હતા અને ભરણપોષણનો કેસ પણ ચાલી રહ્યો છે. તેવામાં તા. ૩૦ મેના રોજ સાંજે સાડા છ વાગ્યાના અરસામાં અસગર ભગાડ તથા તેમના મોટા ભાઈ હારૂન ભગાડ ફરીદાબેનના ઘરે પહોંચ્યા હતા. ત્યાં બંનેએ જૂના મનદુઃખના કારણે બોલાચાલી શરૂ કરી હતી.

જે બાદ ઝઘડો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન બંનેએ મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલું જ નહી અસગરએ ફરીદાબેનને ઢીકાપાટુનો માર માર્યા બાદ ફળિયામાં પડેલી કોદાળીનો ઉંધો ઘા છાતીના ભાગે ઝીંક્યો હતો.

જેના કારણે તેમને ફ્રેક્ચર જેવી ગંભીર ઇજા પહોંચી હતી. ઉપરાંત માથાના ભાગે પણ કોદાળીનો ઘા મારતાં ઇજા પહોંચી હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. બનાવ બાદ ઇજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

### જુગારીઓ ઝડપાયા

ઓખામાં બોકસાઈટ વિસ્તારમાંથી પોલીસે અમર જુનશભાઈ ભાયા અને મહેશ લાલજીભાઈ ચાવડા નામના બે શખ્સોને ગંજીપાના વડે જુગાર રમતા ઝડપી લઈ, મુદ્દામાલ કબજે કર્યો હતો.

# દ્વારકા : કપિલા ગૌશાળાની નવિનીકરણ પ્રસંગે ગૌસેવા અને વૈદિક પરંપરાનો અનોખો સંગમ




**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા નજીક ટોબર રોડ પર આવેલી અને દ્વારકાધીશ મંદિરના પૂજારી પરિવાર દ્વારા સંચાલિત કપિલા ગૌશાળાના નવીનીકરણ પ્રસંગે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ભવ્ય ગૌ-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌમાતાની સેવા અને સંવર્ધનના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ગૌભક્તો અને શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિ-વિધાનો વચ્ચે સંપન્ન થયેલા ગૌ યજ્ઞમાં ગૌસંવર્ધન અને ગૌરક્ષણના સંદેશને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું. યજ્ઞ પૂર્ણ થયા બાદ સાંજના સમયે ભક્તિમય વાતાવરણમાં કીર્તન, ભજન અને બાંસુરી વાદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ ભક્તિરસમાં તરબોળ બન્યા હતા. આ પ્રસંગે ગૌશાળાના નવીનીકરણ કાર્યને સફળ બનાવવા માટે સર્વે ગૌભક્તોએ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદીનો લાભ લીધો હતો.

આ આયોજનમાં પૂજારી પરિવારના મહેશ્વરભાઈ દીપકભાઈ, મનોજભાઈ, પુરૂષોત્તમભાઈ, ડાયાલાલ ભાઈ સહિત પરિવારજનો તેમજ અનેક ગૌભક્તો અને અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક શ્રદ્ધા, ગૌસેવા અને સમાજમાં સંસ્કાર જાગૃતિના ભાવ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# ભાણવડનાં નવાગામમાં કુવામાંથી મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ કરાયું



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના નવાગામ નદી કાંઠે આવેલા વાડી વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં નદીનું પાણી સુકાઈ જતાં એક મહાકાય મગર આશ્રયની શોધમાં નજીકના એક ખેડૂતના કૂવામાં ખાબક્યો હતો. આ કૂવામાં વિશાળકાય મગર હોવાની જાણ વાડી માલિકને થતાં આ વિસ્તારમાં કુતૂહલ અને ફફડાટ વ્યાપી ગયો હતો.

આ અંગે વાડી માલિકે તુરંત જ ભાણવડના જાણીતા એનિમલ રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટનો સંપર્ક સાધ્યો હતો. ઘટનાની ગંભીરતા સમજીને અશોકભાઈ ભટ્ટ તેમની અનુભવી ટીમ સાથે ગણતરીની મિનિટોમાં સ્થળ પર દોડી ગયા હતા. ખૂબ જ ઊંડા કૂવામાંથી આ પ્રચંડ મગરને બહાર કાઢવાનું કાર્ય પડકારજનક હતું. પરંતુ એનિમલ લવર્સની ટીમે કુનેહપૂર્વક અને અદભુત સાહસ બતાવી સતત ત્રણેક કલાકની જહેમત બાદ મગરનું સફળ રેસ્ક્યુ કર્યું હતું.

આ મગરને કોઈ પણ પ્રકારની ઈજા વગર હેમખેમ બહાર કાઢ્યા બાદ તેને વન વિભાગના માર્ગદર્શન હેઠળ સુરક્ષિત રીતે પાણીથી ભરપૂર બરડાના તળાવમાં મુક્ત કરવામાં આવ્યો હતો. આ કઠિન અને પ્રશંસનીય બચાવ કાર્યને સફળ બનાવવામાં એનિમલ લવર્સ ગ્રુપના અશોક ભટ્ટ, સોહિલ સહરવદિ, વિજય ખૂંટી, વિશાલ ભરવાડ, અરજણ રબારી, હારુનભાઈ અને મિલનભાઈએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. જે બદલ સ્થાનિક રહીશોએ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

Income Tax Return, GST Registration & Return, Trademark, Pvt. Ltd. / LLP
ના કામકાજ માટે મળો.
84 60 290 635

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**
સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.
નોટરીને લગતાં કામ માટે મળો
**અભિજીત જયંતકુમાર દવે**
મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### દારૂ-બિયરનો જથ્થો

(પાના નં. ૪ થી આગળ)

હેતુથી લાવવામાં આવેલ દારૂનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે દારૂની ૩૪૫ બોટલો કિંમત રૂ.૨.૫૧ લાખ, ઇનોવા કાર કિંમત રૂ.૬.૫૦ લાખ, સ્કોર્પિયો કાર કિંમત રૂ.૫.૫૦ લાખ અને મોબાઇલ ફોન કિંમત રૂ.૫ હજાર મળી કુલ રૂ.૧૪,૫૬,૭૯૯નો મુદ્દામાલ કબજે કર્યો અને ફરાર આરોપીઓને દબોચી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### પવનચક્કી પ્રોજેક્ટ

(પાના નં. ૪ થી આગળ)

ફરિયાદ મુજબ, ત્રણેય આરોપીઓએ પરસ્પર મિલીભગત કરી જમીનના સર્વે નંબરોમાં ફેરફાર કરાવી, અગાઉ થયેલા લીઝ કરાર અને કબ્જાની સ્થિતિથી વિપરીત રજૂઆતો કરી કંપની સાથે છેતરપિંડી કરી હતી. આ સમગ્ર કાવતરાના કારણે કંપનીને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### વાહનચાલકો ઉપર પથ્થર

(પાના નં. ૩ થી આગળ)

ગઈ હતી અને નશાખોરને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો. આ સમયે લોકોનું ટોળુ એકઠું થઈ ગયું હતું. ટ્રાફિક જવાનની આ સમયસૂચકતા અને સતર્કતાના કારણે મોટી દુર્ઘટના કે વાહન ચાલકોને ગંભીર ઈજા થતા બચાવી શકાયા હતા.

### ધર્મગુરુઓના આશીર્વાદ

(પાના નં. ૧ થી આગળ)

મંદિરના મહંત કૃષ્ણમણી મહારાજ, જામનગર મોટી હવેલીના વલ્લભરાય મહોદય અને બેડી ગેટ સ્વામીનારાયણ સંપ્રદાયના ચત્રભુજજી મહારાજ સહિતના ધર્મગુરુઓના આશીર્વાદ લીધા હતા. તેમણે કબીર આશ્રમ સહિતના અન્ય ધાર્મિક સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

### તેજીની રફતાર

(પાના નં. ૧ થી આગળ)

જોવા મળી છે, જ્યાં કુલ ૮,૭૨૮ કરોડની કર આવક નોંધાઈ છે. દેશના અગ્રણી ઔદ્યોગિક અને વેપારી રાજ્યોમાં સ્થાન ધરાવતા ગુજરાતમાં પણ જીએસટી કલેક્શનનો આલેખ ઊંચો ગયો છે. મે મહિનામાં ગુજરાતનું જીએસટી કલેક્શન ૧ ટકાના વધારા સાથે ૧૧,૨૦૬ કરોડ સુધી પહોંચી ગયું છે. આ ઉપરાંત, દક્ષિણ ભારતના તેલંગાણા રાજ્યમાં પણ વધતી આર્થિક ગતિવિધિઓ વચ્ચે ૫,૦૪૫ કરોડનું ટેક્સ કલેક્શન નોંધાયું છે. આ આંકડાઓ સાબિત કરે છે કે મોટાભાગના અગ્રણી રાજ્યો દેશની કર આવક વધારવામાં પોતાનો સિંહફાળો આપી રહ્યા છે.

વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિના એટલે કે એપ્રિલ અને મેના સંયુક્ત આંકડાઓ પણ ખૂબ જ આશાસ્પદ રહ્યા છે. આ બે મહિના દરમિયાન કુલ ૪.૩૭ લાખ કરોડની GST વસૂલાત થઈ છે, જે વાર્ષિક ધોરણે ૬.૨ ટકાનો વધારો દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં ૨.૪૩ લાખ કરોડનું ઐતિહાસિક રેકોર્ડ કલેક્શન થયું હતું. અર્થશાસ્ત્રીઓના મતે, આ મજબૂત કર આવકથી સરકારને દેશના વિકાસલક્ષી કાર્યો અને માળખાકીય સુવિધાઓ વધારવામાં મોટી મદદ મળશે અને આગામી સમયમાં પણ આ ટ્રેન્ડ યથાવત રહેશે.

### મહાકીર્તિમાન

(પાના નં. ૧ થી આગળ)

પર રહેવાનો રેકોર્ડ તૂટી જશે અને પીએમ મોદી આ યાદીમાં ટોચ પર આવી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે પ્રથમ વખત ૨૬ મે ૨૦૧૪ ના રોજ સત્તાવાર શપથ લીધા હતા. આ પછી દેશની જનતાએ તેમના પર ફરી વિશ્વાસ મૂક્યો અને તેઓ ૩૦ મે ૨૦૧૯ ના રોજ બીજી વખત પીએમ બન્યા. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ ની સામાન્ય ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવીને ૯ જૂન ૨૦૨૪ ના રોજ તેમણે ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યા હતા. આ જ ક્રમમાં આગળ વધતા, આગામી ૯ જૂન ૨૦૨૬ ના રોજ પીએમ મોદી સતત નિર્વાચિત વડાપ્રધાન તરીકે પોતાના શાસનના બરાબર ૧૨ વર્ષ અને ૧૫ દિવસ પૂર્ણ કરી લેશે. આ સાથે જ તેઓ લોકતાંત્રિક ચૂંટણી પ્રક્રિયાના માધ્યમથી ભારતમાં સૌથી લાંબા સમય સુધી સતત વડાપ્રધાન પદ સંભાળવાનો નવો કીર્તિમાન સ્થાપિત કરશે.

### 'કોકરોચ જનતા પાર્ટી'

(પાના નં. ૧ થી આગળ)

વિદ્યાર્થીઓમાં ભારે લોકપ્રિયતા મેળવી છે, જેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર ૨૨ મિલિયનથી વધુ લોકો ફોલો કરે છે. આ ચળવળ સાથે અનેક જાણીતી હસ્તીઓ પણ જોડાયેલી હોવાથી ૬ જૂને દિલ્હીમાં યોજાનારા આ આંદોલન પર હવે સૌની નજર ટકેલી છે.

### હવે અલગ-અલગ એફિડેવિટ

(પાના નં. ૧ થી આગળ)

પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ શરૂ થશે, જેથી ઓનલાઇન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે, જે સેવાઓ માટે કાયદાકીય રીતે એફિડેવિટ કરવાની કોઈ જરૂરિયાત નક્કી થયેલી નથી, તેવી સેવાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ એફિડેવિટના સ્થાને માત્ર 'સ્વઘોષણા'ની સરળ પ્રક્રિયા પૂર્વનિર્ધારિત રીતે જ ચાલુ રહેશે. ત્યાં સોગંદનામું ફરજિયાત કરવામાં આવ્યું નથી. કાયદા વિભાગ દ્વારા જારી કરાયેલા આ સત્તાવાર ફોર્મેટને નાગરિકોની સરળતા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યું છે.

### ખેડૂતો માટે રાહત

(પાના નં. ૧ થી આગળ)

દિશા અને હવાનું દબાણ જેવા વિવિધ પરિબળો પર આધાર રાખે છે. હાલમાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી હવામાન પ્રણાલીઓ ચોમાસાને આગળ વધારવામાં મદદરૂપ સાબિત થઈ રહી છે. હવામાન વિભાગ ચોમાસાની દરેક હિલચાલ પર સતત નજર રાખી રહ્યું છે. જો આ વર્ષે ચોમાસું સમયસર અને સારું રહેશે, તો તે માત્ર કૃષિ ક્ષેત્રને જ નહીં પરંતુ દેશના સમગ્ર અર્થતંત્રને નવી ઊર્જા અને મજબૂતી પૂરી પાડશે.

### રાજ્યસભાની ૪

(પાના નં. ૧ થી આગળ)

ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે. કોંગ્રેસના એકમાત્ર રાજ્યસભા સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂનના રોજ પૂરો થઈ રહ્યો છે.

નિયમ મુજબ, ગુજરાતમાં રાજ્યસભાની એક બેઠક જીતવા માટે કોઈપણ પક્ષને ઓછામાં ઓછા ૩૭ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. તેની સામે હાલમાં કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યોનું જ સંખ્યાબળ છે. જો કોંગ્રેસ પાસે ૧૦ ધારાસભ્યો હોય તો તેઓ માત્ર પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે, પરંતુ જો ભાજપ થોડો પણ વ્યુહાત્મક પ્રયાસ કરશે તો કોંગ્રેસ માટે ફોર્મ ભરવું પણ મુશ્કેલ બની જશે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી આ યાદીમાં દેશના કુલ ૧૦ રાજ્યોની બેઠકો સામેલ છે, જેમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોમાં સૌથી વધુ ૪-૪ બેઠકો ગુજરાત, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાંથી ખાલી થઈ રહી છે. જ્યારે રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહની બેઠકો ખાલી થવા જઈ રહી છે. ૧ જૂને જાહેરનામું બહાર પડવાની સાથે જ દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

### સ્પોર્ટ્સ ક્લબમાં બોમ્બ

(પાના નં. ૧ થી આગળ)

સ્ક્વોડ અને ફાયર બ્રિગેડની ગાડીઓ પણ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ સુરક્ષા એજન્સીઓ દ્વારા મેટલ ડિટેક્ટર અને આધુનિક સાધનોની મદદથી ક્લબના ખૂણે-ખૂણાની સર્ચ કરવામાં આવી રહી છે. આ ધમકી કોઈની મજાક છે કે પછી કોઈ મોટું ષડયંત્ર, તે અંગે પોલીસ ટેકનિકલ સર્વેલન્સની મદદથી ધમકી આપનાર અંગે તપાસ હાથ ધરી છે.

## જામનગરના સ્વામીનારાયણ નગરમાંથી દારૂ-બિયર ઝબ્બે

જામનગરના સ્વામીનારાયણ નગર વિસ્તારમાંથી પોલીસે દારૂ-બિયર સાથે નિકળેલાં એક શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે નાની મોટી દારૂની બોટલો અને બિયરના ટીન સહિત કુલ રૂપિયા ૧૩ હજારની ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સિટી બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે શહેરના સ્વામીનારાયણ નગર, મામા સાહેબના મંદિર નજીકથી દારૂની હેરાફેરી અર્થે નિકળેલાં દિવ્યરાજસિંહ જુવાનસિંહ વાળા (ઉ.વ.૨૫) નામના શખ્સની અટકાયત કરી હતી. પોલીસે આ શખ્સ પાસેથી દારૂની બોટલો તેમજ બિયરના ટીન મળી કુલ રૂા.૧૩૩૩૪ નો મુદ્દામાલ કબ્જે કરી તેની સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હંજડાપરનો શખ્સ વિદેશી દારૂ સાથે ઝડપાયો: સપ્લાયરનું નામ ખુલ્યું

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના હંજડાપર રહેતા ગોવિંદ વરવારીયા નામના ૨૫ વર્ષના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે રૂપિયા ૩૧,૨૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૨૪ બોટલ તેમજ એક મોબાઈલ મળી કુલ રૂપિયા ૩૬,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં સપ્લાયર તરીકે ભાણવડ તાલુકાના સણખલા ગામના રાહુલ કરમુરનું નામ જાહેર થયું છે. જે અંગે ખંભાળિયા પોલીસે વિધિવત રીતે ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધવીમાં ભેખડ ધસી પડતા યુવાનનું કરૂણ મૃત્યુ

કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામે રહેતા રામભાઈ લાખણશીભાઈ કારાવદરા નામના ૩૦ વર્ષના યુવાન શનિવારે ગાંધવી ગામે આવેલા રાતુ તળાવમાં માટી મોરમ ભરવા ગયા હતા. ત્યારે તેમના ટ્રેક્ટર પર મોટી ભેખડ ધસી પડતા આ ભેખડ હેઠળ દબાઈ જવાના કારણે તેમનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ ભરતભાઈ ભીમાભાઈ કારાવદરાએ સ્થાનિક પોલીસને કરી છે.

# વસ્તી ગણતરી માટે બીએલઓને પણ ફરજ સોંપાતા શૈક્ષિક સંઘ દ્વારા કરાયો વિરોધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત ગુજરાત ભરમાં તા.૧ જૂનથી વસ્તી ગણતરી શરૂ થઈ છે. આ કામગીરી શરૂ થતા જામનગરમાં વિવાદના મંડાણ થયા છે. શિક્ષકોની ફરજ ફાળવણીમાં ભેદભાવ, ભલામણ કે લાગવગશાહી થઈ હોવાના આક્ષેપો ઉઠયા છે. આ મામલે જામનગર શૈક્ષિક મહાસંઘ દ્વારા વસ્તી ગણતરી શાખામાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને ન્યાયની માંગ કરવામાં આવી છે.

જામનગરના ૧૬ વોર્ડની અંદાજિત ૭લાખની વસ્તી ને આવરી લેતી ડોર-ટુ-ડોર વસ્તી ગણતરી તા.૧ જુનથી શરૂ થઈ છે. જેમાં શૈક્ષિક સંઘએ બાંયો ચડાવી છે. જેમાં જણાવ્યા અનુસાર ઘણા શિક્ષકો કે અન્ય કર્મીઓને અન્યય થયો છે. જે સ્ટાફે ચાર ચાર માસ ઘરે ઘરે ધક્કા ખાઈને બીએલઓ તરીકે કામગીરી કરી છે તેઓને હજુ પણ લોકોમાંથી ફોર્મ ભરવા જેવા કામ આવતા હોવાથી તેને એ પણ કામ કરવાના અને વસ્તી ગણતરીમાં પણ આવા કર્મીઓને રાહત મળતી નથી. જ્યારે અમુક કર્મી એવા છે જે લાગવગશાહીથી નીકળી જાય છે. જે ઘરે આરામ કરે છે અને જેને બીએલઓ, એસઆઈઆર અને ચૂંટણીલક્ષી કામગીરી સોંપાઈ હતી. તેવા અયોગ્ય હોવાની રાવ ઉઠી છે. જ સ્ટાફને ફરીથી ડોર-ટુ-ડોર વસ્તી ગણતરીનું કામ પણ અપાયું આવી છે. આમ બે થી ૩ પ્રકારની કામગીરી


તસવીરઃ હિરેન ગાંધી

કરે અયોગ્ય હોવાની રાવ ઉઠી છે. ઘણા શિક્ષકો એવા છે જેને પ્રથમ આદેશ થાય છે પાછળથી આદેશ નીકળી જાય છે એટલે તેને કોઈ પણ પ્રકારની કામગીરી સોંપવામાં આવતી નથી. તો હાલ આવા કર્મીઓને જેને અગાઉ ક્યાંય પણ આદેશ નથી કરાયા તેને કામગીરી સોંપવામાં આવે તેવી માંગ કરી છે અને બીએલઓને રાહત આપવામાં આવે તેવી તથા વસ્તી ગણતરીના આદેશ અનુસાર ઘણા કર્મીઓ એવા છે જેને ૪૦૦, ૬૦૦ એમ ઘર આપી કોઈ સંખ્યા નથી.

જ્યારે નિયમ એવો છે કે દુકાન સહિત હોય તો ૨૦૦ થી ૨૫૦ સુધીના ઘર લઇ શકાય જ્યારે ઘર હોય તો ૧૫૦ થી ૧૮૦ સુધી લઈ શકાય છતાં આડેધડ સોંપી દેવામાં આવ્યા છે. ત્યારે જેને ૪૦૦ કે ૬૦૦ ઘર હોય તેના ૨૦૦/૨૦૦ના બ્લોક અલગ જ કરીને કોઈ સહાયક નહી પરંતુ અલગ ગણતરીદાર ફાળવવામાં આવે તેવી માંગ લગજ કરાઈ છે. કેડરવાર જે તામમ શિક્ષણ અલગ ખાતાના કર્મીઓને લઇ લીધા છે જ્યારે જેએમસી સહિતના અન્ય કેડરના કર્મીઓને લીધા ન હોવાના આરોપ લગાવ્યા છે.

શૈક્ષિક મહાસંઘના પ્રમુખ મોતીબેન કારેથાએ જણાવ્યું કે, વસ્તી ગણતરી કામગીરીએ રાષ્ટ્રીય કામગીરી છે તેમાં કોઈ શિક્ષક ના ન પાડી શકે અમે એ કામ કરવા માટે બંધાયેલા છીએ પરંતુ ફરજ ફાળવણીમાં સમાનતા જળવાય અને અગાઉ બાકાત રહેલા શિક્ષકોને પણ કામગીરી સોંપવામાં આવે તે જરૂરી છે. સતત થતો અન્યાય દૂર કરવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. વગદાર શિક્ષકોને કામગીરીમાંથી બાકાત રખાયા છે તે અયોગ્ય છે.

# આઈપીએલની ફાઈનલ મેચ ઉપર સટ્ટો રમતા બે શખ્સ ઝડપાયાઃ અન્ય ૧૨ના નામ ખુલ્યા

**સમય સંદેશઃ જામનગર**

સિટી બી ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન શહેરના કેદારપાર્ક જવાના રસ્તે પુલ ઉપરથી ગઇકાલે રાત્રે સાડા આઠેક વાગ્યાના સમયગાળા દરમિયાન આઇપીએલની ફાઇનલ મેચ પર સટ્ટો રમાડી રહેલાં ભાવેશ ગોરધનભાઇ નંદા (ઉ.વ.૪૫, રહે.કિશાન ચોક, નંદા બ્રધર્સવાળી ગલી, ખંભાળિયા ગેઇટ, જામનગર) નામના શખ્સને ઝડપી લીધો હતો.

પોલીસે આ શખ્સ પાસેથી રૂા.૧૧,૩૫૦ ની રોકડ, રૂા.૬૦૦૦ ની કિંમતના બે મોબાઇલ સહિત કુલ રૂા.૧૭,૩૫૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની વધુ પૂછપરછમાં નાઝલો (મો.નં.૯૧૬૯૧ ૯૯૯૯૫), રાહુલ (મો.નં.૯૦૩૩૩ ૭૮૫૫૫), મનિષ (મો.નં.૯૫૩૭૫ ૩૮૩૨૪), સાગર ફૂટ (મો.નં.૯૯૦૯૦૩૪૪૨૨૯), બાપુ (મો.નં.૭૮૬૪૦ ૩૩૩૩૩), મિતેષ (મો.નં.૭૯૯૦૦ ૧૮૯૯૪, ૮૧૪૦૨ ૪૧૫૧૯), મારાજ (મો.નં.૬૩૫૨૫ ૧૨૩૨૨), એચ.એમ (મો.નં.૮૩૨૦૩ ૧૬૮૭૧), મો.નં.૭૯૯૦૦ ૬૩૫૧૯, મો.નં.૯૬૬૪૭ ૩૪૪૮૬ અને બાપુ-મોરબી (મો.નં.૭૯૮૪૫ ૮૭૨૫૧) નામ નંબરના કુલ ૧૧ શખ્સોના નામ ખુલતાં પોલીસે આ તમામ શખ્સોને ફરારી જાહેર કરી તમામ સામે જુગારધાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અન્ય એક દરોડામાં શહેરના બેડી નાકા પાસે મનુ માર્કેટ નજીકની આઇપીએલની ફાઇનલ મેચ પર ઓનલાઇન સટ્ટો રમી રહેલાં કરન બીપીનભાઇ પારેખ (ઉ.વ.૨૬, રહે.હવાઇચોક, નાગરચકલા, જામનગર) નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે આ શખ્સના કબ્જામાંથી રોકડ અને મોબાઇલ સહિત ૫૫૦૦ ની મત્તા પકડી હતી. જ્યારે મુનાફ આંબલિયા (રહે.લંઘાવાડના ઢાળિયો, જામનગર)નું નામ ખુલતાં પોલીસે આ શખ્સને ફરારી જાહેર કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કલ્યાણપુર નજીક બોલેરોની ઠોકરે બાઈક ચાલક અપમૃત્યુ

## લાંબા ગામે ઈક્કો કારની ઠોકરે પરિણીતાનું મૃત્યુઃ બાઈક સ્લીપ થતા ખંભાળિયાના ફોટ ગામના વિપ્ર યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ટંકારીયા ગામે રહેતા ભીખાભાઈ લગારીયા નામના આહીર પ્રૌઢ શનિવારે બપોરના સમયે કલ્યાણપુરથી ટંકારીયા ગામે તેમના જી.જે. ૩૭ સી. ૮૦૯૬ નંબરના મોટરસાયકલ પર બેસીને રાણાભાઈ જાદવની સાથે આવી રહ્યા હતા.

ત્યારે કલ્યાણપુરથી આશરે ૭ કિલોમીટર દૂર રાવલ - ભાટીયા રોડ પર આવેલી સર્વોદય સ્કૂલની વાડીની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ રાવલ ગામ તરફથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૩૭ ટી. ૪૩૯૯ નંબરના એક બોલેરોના ચાલકે ગોલાઈ પાસે તેમને તેમના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેના કારણે ભીખાભાઈ લગારીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા બાઈક ચાલક રાણાભાઈને પણ ફ્રેક્ચર સહિતની નાની-મોટી ઈજાઓ સાથે વધુ સારવાર અર્થે ખંભાળિયાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા પુરીબેન વેજાણંદભાઈ ગોજીયા નામના ૨૮ વર્ષના આહિર મહિલાને તેમના ઘર પાસેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા ઈક્કો કારના ચાલકે પાછળથી અડફેટે લેતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના કારણે તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

ખંભાળિયા તાલુકાના ફોટ ગામે રહેતા હસમુખભાઈ ગોવિંદભાઈ જોશી નામના ૪૭ વર્ષના યુવાન પોતાના મોટરસાયકલ પર લાલપરડા ગામથી જૂની ફોટ ગામે થઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં કોઈ કારણોસર તેમનું મોટરસાયકલ સ્લીપ થઈ જતા તેઓ બાઈક સાથે ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં તેમને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ રક્ષાબેન હસમુખભાઈ જોશીએ અહીંની પોલીસને કરી છે.

# જામનગરમાં મુકબધીર અને દિવ્યાંગ યુવતીની છેડતી મામલે આરોપી રીઝવાન ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**



જામનગરમાં મૂકબધિર અને દિવ્યાંગ યુવતીને જાતીય સતામણીનો મામલો પોલીસ મથકે પહોંચતા ચકચાર વ્યાપી છે. બેફામ બનેલા શખ્સે યુવતી સાથે અણછાજતું વર્તન કર્યાના આરોપ અને તેણીના ભાઈને જાણ થતાં ભાઇએ આરોપીનો વિરોધ કરતાં છરીથી હુમલાનો પ્રયાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે મામલે હાલ સિટી એ ડિવિઝન પોલીસે એક્ટ્રોસીટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સિટી-એ ડિવિઝન સર્વેલન્સ ટીમેં આરોપીને પકડી પાડ્યો હતો.

પોલીસ મથકે નોંધાયેલી વિગત અનુસાર શહેરના બાઇની વાડી વિસ્તારમાં રહેતા એક પરિવારની ૨૧ વર્ષીય મુકબધિર વિકલાંગ યુવતી રૂમમાં એકલી હતી ત્યારે અગાઉ બાજુના વિસ્તારમાં રહેતો આરોપી રીજવાન ઉર્ફે ચિનો ગનીભાઇ ખીરા (ઉ.વ.૩૪ રહે.હર્ષદમીલ ચાલી, ઘાંચી કોલોની) નામનો શખ્સે તેણીના રૂમમાં ઘૂસી જાતિય સતામણી કરી હતી. આરોપીએ વિકલાંગ યુવતીનું બળજબરીથી ટીશર્ટ ફાડી નાખ્યું હતું

ત્યારબાદ બીજી વખત પીડીતા બાળકને બાલમંદિરે મુકવા જતી હતી ત્યારે આરોપીએ શેરીમાં મુકબધિર યુવતીનો હાથ પકડી લઇ શારીરિક અડપલા કરી નાશી ગયો હોવાના આરોપ લાગ્યા છે આ મામલે યુવતીના ભાઈને જાણ થયા બાદ તા.૩૦/૫/૨૬ ના રોજ યુવતીના ભાઈને સામે મળેલા આરોપી રીજવાનને પકડવા જતા ઝપાઝપી થઇ હતી અને યુવાનને વિખોડીયા ભરી આરોપી નાશી છૂટયો હતો. એટલું જ નહી છરી વડે હુમલાની કોશીષ અને યુવાનને પાછળથી ઈંટનો ઘા ઝીંકી લીધો હતો. વધૂમાં યુવાન અને તેના પરીવારને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# સતીયા ગામે ભેંસ સાથે બાઇક અથડાતા ઘવાયેલા ખેડૂતનું સારવારમાં થયું મોત

## અન્ય એક બનાવમાં કાલાવડના વોડીસાંગ ગામે ઘરે બેશુદ્ધ થયેલા ખેડૂતનું મોત

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના સતીયા ગામમાં રહેતા કરશનભાઈ લાખાભાઈ ઝાપડા (ઉ.વ.૬૬) તા.૧૦/૦૪ ના રાત્રીના ૯ વાગ્યાના અરસામાં પોતાનું મોટરસાઇકલ પર વાડી તરફ જઈ રહ્યા હતા. ત્યારે સતીયા અને મોટી નાગાજર ગામ વચ્ચે ભંગના ખીજડા પાસે અચાનક એક ભેંસ રસ્તામાં આડી ઉતરતા અકસ્માત થયો હતો.

બાઇકચાલક ખેડૂત ભેંસ સાથે અથડાયા બાદ માર્ગ પર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. જેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ લાંબી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હોવાની મૃતકના પુત્ર જગદીશ ઝાપડાએ પોલીસમાં જાણ કરતા કાલાવડ ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો દાખલો નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

કાલાવડ તાલુકાના વોડીસાંગ ગામમાં રહેતા હરેશભાઇ દામજીભાઇ ભંડેરી (ઉ.વ.૫૦) નામના ખેડૂત તા.૩૦/૦૫ ના રોજ બપોરે પોતાના ઘરે હતા. આ દરમિયાન એકાએક નીચે પડી ગયા હતા અને બેભાન થઇ જતા પરીજનોને જાણ થયા બાદ તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાર્ટ એટેકથી મોત થયું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. મોત મામલે મૃતકના ભાઈ રમેશભાઇએ પોલીસમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી આગળ ધપાવી છે.

# જામનગરના લહેર તળાવ નજીક લાકડાના વાડામાં આગ


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગના કંટ્રોલરૂમમાં મયુરભાઈ પ્રવીણભાઈ રાઠોડનો ફોન આવેલો કે ગોરધનપર પાટિયા પાસે લહેર તળાવ સામે વાડા અને લાકડાંમાં અકસ્માતે આગ લાગી છે.

જાણ થતા તાત્કાલિક ફાયર સ્ટાફ સ્થળ પર પહોંચી જરૂરી ફાયરિંગ કરી આગ સંપૂર્ણપણે કાબૂમાં લઈ બુઝાવી આપવામાં આવી હતી. સ્થળ પર તપાસ દરમિયાન બાજુના મકાન માલિક દ્વારા જાણવા મળ્યું કે નજીકમાં આવેલ ખરાબા વિસ્તારમાં આગ લાગતા તેની જ્વાળાઓના કારણે નજીકમાં રાખવામાં આવેલ બકાલાના ક્રેટ સળગી ગયા હતા.આ બનાવમાં અંદાજિત રૂ. ૭,૦૦૦/- જેટલી નુકસાની થયાનું જણાવવામાં આવ્યું હતું આગ સંપૂર્ણપણે બુઝાવી ને ફાયર સ્ટાફ મેઈન ફાયર સ્ટેશન પર પરત આવેલ હતા.

# જામનગરમાં બાથરૂમમાં પડી જતા પરપ્રાંતિય શ્રમિક યુવકનું મોત

## નાની બાણુંગાર નજીક પુરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહનની હડફેટે ભિક્ષુકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

મૂળ પંજાબ રાજ્યના અમૃતસર જિલ્લાના વેરકા ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના મોટી ખાવડી નજીક જયમાતાજી હોટેલની બાજુમાં રહેતાં અને ખાનગી કંપનીમાં નોકરી કરતો સૌવકુમાર દેવેન્દ્રકુમાર (ઉ.વ.૩૪) નામનો યુવાન સોમવારે બપોરે ચારેક વાગ્યાના સમયગાળા દરમિયાન બાથરૂમમાં નાહવા માટે ગયો હતો. દરમિયાન કોઇપણ કારણસર તે બાથરૂમમાં પડી જતાં ગંભીર ઇજા પહોંચવાને કારણે યુવાનનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના રૂમ પાર્ટનર હરજીન્દરસિંઘ જાગીરસીંઘ શીખ નામના યુવાને પોલીસને જાણ કરતાં મેઘપર (પડાણા) પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે સ્થળ પર પહોંચી મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી યુવાનનું મોત ક્યા કારણોસર થયું છે? તે જાણવા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. હાલ આ બનાવ અંગે મેઘપર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એલ.જી.જાડેજા આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

જ્યારે જામનગર તાલુકાના રામપર ગામે રહેતાં અને ગામના સરપંચ રાહુલભાઇ પોલાભાઇ જાટિયા (ઉ.વ.૩૬) એ અજાણ્યા વાહન ચાલક સામે પંચકોષી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેની વિગત અનુસાર ગત તા.૨૮-૫-૨૦૨૬ ના રોજ રાત્રે દેશક વાગ્યાના સમયગાળા દરમિયાન જામનગર-રાજકોટ હાઇવે પર નાનીબાણુગાર ગામના પાટિયા પાસે રાધિકા હોટેલ સામે અકસ્માતનો એક બનાવ સામે આવ્યો હતો.

આ અકસ્માતની વિગત અનુસાર કોઇ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન વાયુવેગે ચલાવી રસ્તે ચાલીને જઇ રહેલાં એક ૪૦ થી ૪૫ વર્ષની વયના ભિક્ષુકને હડફેટે લીધા હતાં. આ અકસ્માતં ભીક્ષુકને માથાના કપાળના ભાગે તથા પગના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત જામનગરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તપાસી તેઓનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. પંચકોષી એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે રામપર ગામના સરપંચ રાહુલભાઇની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૦૬ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુન્હો નોંધી આજુબાજુના સીસીટીવી તપાસી નાશી ગયેલાં અજાણ્યા વાહનચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

# જામનગરમાં બેરોજગારીથી કંટાળી નગરના યુવકે કર્યો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના શહેરના જલારામ પાર્ક વિસ્તારમાં આવેલા નંદનપાર્ક-૨માં રહેતા દિવ્યરાજસિંહ ભુપતસિંહ ઝાલા છેલ્લા એક મહિનાથી રોજગારીના અભાવે આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા હતા. તા. ૩૦ ના રોજ ગત રાત્રિના સમયે તેમણે પોતાના નિવાસસ્થાને રૂમમાં છતના પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

ઘટનાની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જોકે તબીબોએ સ્થળ પર પહોંચી તપાસ કરતા યુવાનનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. ઘટનાની જાણ મૃતકની પત્ની સ્વાતીબા ઝાલાએ સીટી બી ડિવિઝન પોલીસમાં કરતા પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

# જામનગરના અંબર ચોકડી નજીક વાહનચાલકો ઉપર પથ્થરો ફેંકતા નસેડીયાની થઈ ધરપકડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વ્યસ્ત ગણાતા અંબર ચોકડી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક વ્યક્તિએ નશાની હાલતમાં રસ્તા પરથી પસાર થતા નિર્દોષ વાહન ચાલકો પર અચાનક પથ્થરમારો શરૂ કરી દેતા અફડા-તફડી મચી ગઈ હતી. નજીકમાં આવેલા ટ્રાફીક જવાન આવી પહોંચ્યો હતો અને નશાખોરને ઝડપી લીધો હતો. પોલીસને બોલાવીને પોલીસ સ્ટેશને મોકલી દીધો હતો.

આ કપરી પરિસ્થિતિમાં સિગ્નલ


તસવીરઃ હિરેન ગાંધી

પર ફરજ બજાવતા ટી આર બીના જવાને ત્વરિત અને હિંમતપૂર્વક પગલાં લીધાં. તેમણે પોતાની સુરક્ષાની પરવા કર્યા વિના હુમલો કરનાર શખ્સને ઘટનાસ્થળે જ દબોચી લીધો હતો.આ અણધારી ઘટનાને પગલે અંબર ચોકડી જેવા ધમધમતા વિસ્તારમાં લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા.

ટ્રાફિક જવાને પોલીસને જાણ કરી હતી, અને નશાની હાલતમાં રહેલા શખસને પકડી રાખ્યો હતો. તાત્કાલિક પોલીસની જીપ આવી

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયા બાયપાસ પાસે 'ચાચા ભતીજા' હોટલમાં આગ

## ફાયર બ્રિગેડે કાબુ મેળવ્યો, રસોડાનો સામાન બળીને ખાખ, જાનહાનિ ટળી


તસવીરઃ હિરેન ગાંધી




જામનગરના ખંભાળિયા બાયપાસ નજીક આવેલી 'ચાચા ભતીજા' હોટલમાં ગઈકાલે બપોરના સમયે અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાને પગલે હોટલ સ્ટાફ અને આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગની જાણ થતાં જ જામનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ આગની દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, હોટલના રસોડામાં રાખેલો તમામ કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની સમયસર કાર્યવાહીને કારણે આગ વધુ પ્રસરતી અટકી અને મોટી દુર્ઘટના ટળી હતી. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

# ટ્રમ્પની પુત્રી ટિફની પતિ સાથે 'વનતારા'ની મુલાકાતેઃ ભવ્ય સ્વાગત









**સમય સંદેશઃ જામનગર**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બોલોસ ગઈકાલે સોમવારે રાજસ્થાનના જેસલમેરથી ખાસ ચાર્ટર એરક્રાફ્ટ દ્વારા બપોરે અંદાજે ૧૧:૧૫ વાગ્યે જામનગર એરપોર્ટ આવી પહોંચ્યા હતા. ભારત પ્રવાસે આવેલા આ હાઈ-પ્રોફાઈલ દંપતી એશિયાના સૌથી મોટા વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન, રેસ્ક્યૂ અને રિહેબિલિટેશન પ્રોજેક્ટ એવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના 'વનતારા'ની મુલાકાત લેવા માટે અહીં આવ્યા છે. એરપોર્ટ પર પરંપરાગત ઔપચારિક સ્વાગત બાદ, તેઓ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સીધા 'વનતારા' પ્રોજેક્ટ તરફ રવાના થયા હતા, જ્યાં તેઓ રાત્રી રોકાણ કરીને વન્યજીવોના સંવર્ધન અને આધુનિક સારવાર માટે થઈ રહેલી કામગીરીને વિગતવાર નિહાળશે.

ટિફની ટ્રમ્પના આ પ્રવાસને પગલે સુરક્ષા એજન્સીઓ હાઇ એલર્ટ પર જોવા મળી હતી. ગઈકાલે જામનગર એરપોર્ટ પર આ વીઆઇપી દંપતીને રિસીવ કરવા માટે પોલીસ, રિલાયન્સ અને સ્પેશિયલ સિક્યોરીટીની ૫૦થી વધુ હાઈ-સિક્યોરિટી અને બુલેટપ્રૂફ ગાડીઓનો વિશાળ કાફલો તૈનાત કરાયો હતો. આ પૂર્વે રવિવારે જ્યારે તેઓ દિલ્હીથી જેસલમેર પહોંચ્યા ત્યારે એરપોર્ટની બહાર ભારતીય સેનાની અભેદ્ય એર ડિફેન્સ સિસ્ટમ 'આકાશ' પણ તૈનાત કરવામાં આવી હતી, જે તેમની સુરક્ષાની ગંભીરતા દર્શાવે છે. જેસલમેર સિવિલ એરપોર્ટથી લઈને જામનગર સુધી સમગ્ર રૂટ પર લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોતાના ભારત પ્રવાસ દરમિયાન ટિફની ટ્રમ્પે દિલ્હીના અક્ષરધામ મંદિર અને આગ્રાના વિશ્વપ્રસિદ્ધ તાજમહેલની મુલાકાત લીધી હતી. ત્યારબાદ જેસલમેરના પ્રખ્યાત સોનાર કિલ્લા અને સૂર્યગઢ હોટેલની મુલાકાત લઈ તેમણે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ફોટો અને વીડિયો શેર કર્યા છે. ખાસ કરીને રાજસ્થાની સંસ્કૃતિ અને મહિલા કલાકારોના 'ઘૂમર' નૃત્યનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરીને તેમણે ભારતીય આતિથ્ય સત્કારની ભારે પ્રશંસા કરી હતી, જે સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહી છે. જામનગરના વનતારા પ્રોજેક્ટની મુલાકાત પણ તેમના આ પ્રવાસનું મુખ્ય આકર્ષણ બની રહી છે.

# જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખના સમર્થનમાં દલિત સમાજના ધરણાં

## દેવરાજ ગોહિલનો કેસ પાછો ખેંચવાની માગ, પોલીસની કામગીરી સામે ગંભીર સવાલ ઉઠાવ્યા, ઉગ્ર આંદોલનની ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના લાલબંગલા સર્કલ ખાતે દલિત સમાજ દ્વારા ખીમરાણા ગામની ઘટના મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દલિત આગેવાન દેવરાજ ગોહિલ સામે દાખલ કરાયેલા ગુનાને પરત ખેંચવાની માંગ સાથે સમાજના લોકોએ એકઠા થઈને પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.




તસવીરઃ હિરેન ગાંધી

મોટી સંખ્યામાં લાલબંગલા સર્કલ ખાતે એકઠા થયેલા દેખાવકારોનો આક્ષેપ છે કે, ખીમરાણા ગામમાં દારૂબંધીના મુદ્દે અવાજ ઉઠાવનાર દલિત આગેવાન દેવરાજ ગોહિલ સામે પોલીસે કોઈના દબાણમાં આવીને તદ્દન ખોટો ગુનો નોંધ્યો છે. આ અન્યાયી કાર્યવાહી સામે સમાજના લોકોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

દલિત આગેવાનોના મતે, જે વ્યક્તિ સામાજિક કુરિવાજો અને દારૂબંધી જેવી અસામાજિક પ્રવૃત્તિઓ વિરુદ્ધ અવાજ ઉઠાવે છે, તેને પ્રોત્સાહન આપવાને બદલે પોલીસ તંત્ર દ્વારા તેની સામે જ પક્ષપાતી કાર્યવાહી કરવામાં આવી રહી છે.



પ્રદર્શનકારીઓએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો દેવરાજ ગોહિલ સામેનો કેસ તાત્કાલિક અસરથી પરત ખેંચવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

જામનગરના પંચકોશી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઘટના બની હતી. પોલીસ કર્મચારી નિર્મલસિંહ જાડેજા અને અન્ય સાક્ષીઓ દારૂ ભરેલી ઇનોવા કાર પકડીને જપ્તીની કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા હતા. તે સમયે દેવરાજ ગોહિલ ત્યાં ધસી આવ્યા હતા અને પોલીસની કામગીરીમાં અડચણ ઊભી કરી હતી. દેવરાજ ગોહિલે ઇનોવા કારમાંથી ઇંગ્લિશ દારૂની બોટલો લૂંટી લેવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ફરિયાદી નિર્મલસિંહ જાડેજાએ તેમને પકડવાનો પ્રયાસ કર્યો, ત્યારે દેવરાજ ગોહિલે તેમની ફરજમાં રૂકાવટ ઊભી કરી. તેમણે ફરિયાદીને છાતીના ભાગે કોણી મારીને મૂઢ ઇજા પહોંચાડી હતી. આ ગુના અંગે પંચકોશી એ-ડિવિઝન પોલીસ મથકમાં કલમ-૧૨૧(૧) અને ૩૦૯(૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપી દેવરાજ ગોહિલની ધરપકડ કરવામાં આવી હતી.

જામનગરમાં ફરજમાં રૂકાવટ, પોલીસ પર હુમલો અને દારૂ લૂંટવાના પ્રયાસના ગંભીર કેસમાં જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દેવરાજ ગોહિલને અદાલતે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે. પંચકોશી એ-ડિવિઝન પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યા બાદ વકીલોની દલીલોને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયો હતો.

# જામનગરના ગુલાબનગરમાંથી કારમાં લઈ જવાતો દારૂ-બિયરનો જથ્થો પકડાયો

## જામવાડીની સીમમાં રેઢી પડેલી બે કારમાંથી દારૂ ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર-જામજોધપુર**

જામનગર શહેરના ગુલાબનગર પોલીસ ચોકી નજીક એલસીબીની ટીમ એક શંકાસ્પદ કારને અટકાવી તલાસી લેતા તપાસ દરમિયાન કારમાંથી ૯૬ ચપટા વિદેશી દારૂ, ૪૮ બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે કારના ચાલક પ્રધ્યુમનસિંહ ધનશ્યામસિંહ ઝાલા (ઉ.વ. ૪૪), રહે. રાંદલનગર, જામનગર મૂળ, સુરેન્દ્રનગર, ચુડા)ને ઝડપી લીધો હતો.

તેના કબ્જામાંથી મોબાઇલ ફોન તેમજ સ્વિફ્ટ કાર મળી કુલ રૂ.૩,૧૬,૧૩૯નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર અજાણ્યા વ્યક્તિ અને એક ભરત ગઢવીની સંડોવણી સામે આવતાં બંનેને ફરાર જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

જ્યારે જામજોધપુર પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો આ વેળાએ પોલીસને દારૂ મામલે બાતમી મળી હતી. જામવાડી ગામની સીમમાં દારૂના કટીંગ વેળાએ જ પોલીસે દરોડો પાડતા નાસભાગ મચી હતી. જ્યાં GJ-03-CR-2748 નંબરની ટોયોટા ઇનોવા અને GJ-25-J-9902 નંબરની સ્કોર્પિયો કારમાંથી વેચાણ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ઓખાના આધેડ પાસેથી ૧૫ લાખની લૂંટઃસોનાની માળાના સોદાના બહાને બે ઠગબજોએ ષડયંત્ર આચર્યું, નોંધાઈ પોલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાંથી લૂંટની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના જી.જી. હોસ્પિટલ રોડ પર આવેલી આયુર્વેદિક હોસ્પિટલના પાછળના ગેટ પાસે એક આધેડ અને તેમના પરિવારને નિશાન બનાવી ₹૧૫ લાખની લૂંટ ચલાવવામાં આવી છે. ઓખાના વતની એવા આ આધેડને સોનાની માળા ખરીદવાની લાલચ આપી લૂંટારુઓ રોકડ ભરેલી બેગ લઈને રફુચક્કર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર આધેડ સાથે આરોપીઓએ ₹૧૫ લાખની કિંમતી સોનાની માળાનો સોદો નક્કી કર્યો હતો. જો કે, આરોપીઓનો ઈરાદો અસલી સોદો કરવાનો નહીં, પરંતુ નકલી માળા પધરાવીને મોટી રકમ પડાવી લેવાનો હતો. જી.જી. હોસ્પિટલ રોડ પર જ્યારે બંને પક્ષો સોદો પૂરો કરવા ભેગા થયા, ત્યારે ખરીદદારે માળા અસલી છે કે નકલી તે તપાસવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ભોગ બનનારે જેમ જ સોનાની માળા તપાસવાની વાત કરી, કે તરત જ આરોપીઓએ પોતાનો અસલી રંગ બતાવ્યો હતો. તેમણે આસપાસ બૂમાબૂમ કરીને ભયનું વાતાવરણ ઊભું કરી દીધું અને ધમકી આપતા કહ્યું કે, ''જો દર્દી મરી જશે તો તમને ખૂનના કેસમાં ફસાવી દેશું.''

આટલું જ નહીં, આરોપીઓએ આધેડ અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ પણ આપી હતી. પરિવાર આ અચાનક બનેલી ઘટનાથી ડર અને મૂંઝવણમાં મુકાઈ ગયો, જેનો ફાયદો ઉઠાવી મુખ્ય આરોપી ધના પરમાર અને વિજય નામના શખ્સો ₹૧૫ લાખ રોકડા ભરેલી બેગ આંચકીને ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા.

આ ચકચારી ઘટના અંગે ઓખાના ભોગ બનનાર આધેડે તાત્કાલિક જામનગર સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ઇગજની કલમ ૩૦૮ (૬) અને ૫૪ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ સીટી 'બી' ડિવિઝનના પીએસઆઈ એસ.જી. કેશવાલા ચલાવી રહ્યા છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પવનચક્કી પ્રોજેક્ટમાં છેતરપીંડીથી મસમોટું નુકશાનઃ ખેડૂત સામે ફરિયાદ

## કંપની સાથે કરાર થવાથી પવનચક્કીનું કામ ચાલુ થયા બાદ ત્રણ ખેડૂતોએ વધુ રૂપિયા માટે માથાકુટ કરી વ્યાપક નુકશાન કર્યાની લાલપુર પોલીસમાં ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં હાલ પવનચક્કીના કામો ચાલી રહ્યા છે જેને લઇને અવારનવાર વિવાદ ઉઠતો હોય છે કંપની દ્વારા ખેડૂતોને અન્યાય કરાતો હોવાના ઉઠતાં આરોપ વચ્ચે હવે કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજરે ખેડૂત સામે ફરિયાદ કરી પવનચક્કી પ્રોજેક્ટમાં છેતરપિંડી અને કરોડોનું નુકસાન પહોંચાડ્યાના આરોપ લગાવતા ચકચાર મચી છે.

માઉન્ટીંગ રીન્યુબલ પાવર લિમિટેડ કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર દ્વારા સણોસરા ગામના ત્રણ ભાઈઓ સામે મિલીભગત અને જમીનના રેકોર્ડમાં ફેરફાર કરાવી કંપની સાથે છેતરપિંડી કરી કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ કરી લાલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જામનગરના રણજીતસાગર રોડ સ્થિત મયુરગ્રીન-૨માં રહેતા અને માઉન્ટીંગ રીન્યુબલ પાવર લિમિટેડ કંપનીમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ બાબુલાલભાઇ રાઠોડે સણોસરા ગામના મારખી કેસુરભાઈ ગાગલીયા, ડાડુ કેસુરભાઈ ગાગલીયા અને રામશી કેસુરભાઈ ગાગલીયા સામે લાલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

માઉન્ટીંગ રીન્યુબલ પાવર લિમિટેડ (વેલસ્પુન ન્યુ એનર્જી) કંપની દ્વારા પવનચક્કી સ્થાપનાનું કામ ઓપેરા એનર્જી કંપનીને સોંપવામાં આવ્યું હતું. લાલપુર તાલુકાના વિવિધ ગામોમાં જમીનો ભાડે મેળવી પવનચક્કીઓ ઉભી કરવામાં આવી રહી છે. કંપનીના સર્વે આધારે જમીન માલિકો સાથે લીઝ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા અને નિયમ મુજબ વળતર ચૂકવવામાં આવ્યું હતું. સણોસરા ગામ ખાતે પવનચક્કીનું ફાઉન્ડેશન તથા અન્ય કામગીરી પૂર્ણ થયા બાદ આરોપીઓએ વધુ રકમની માંગણી કરી કામ અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ જમીનના સર્વે નંબર અને કબ્જા અંગે વિવાદ ઉભો કરી કંપનીને કામ કરતાં અટકાવવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી મારખીએ પોતાની સણોસરા ગામે આવેલી ખેતીની જમીનમાં પવનચક્કી ઉભી કરવા લેખીત લીઝડીડ એગ્રીમેન્ટ(ભાડા કરાર) ગઇ તા.૦૩/૦૭/૨૦૨૪ના રોજ કરી આપી કંપની પાસેથી રૂપીયા.૪,૨૨,૮૭૯ ચેકથી રૂપીયા મેળવી લીધા હતા. ખેતીની જમીનમાં પવનચક્કીના પડછાયાના તેઓને નિયમોનુસાર વળતર ચેકથી ચુકવવામાં આવેલ હતુ. ત્યારબાદ પવનચક્કીનુંફાઉન્ડેશન ઉભુ થયા બાદ ત્રણેય ભાઈઓએ કંપનીના માણસો સાથે વિવાદ ચાલુ કરી કામ કરતા રોકાવી દીધું હતું.

વધુ આર્થિક લાભ મેળવવા તથા કંપનીને ફાઉન્ડેશન બનાવવામાં અંદાજીત ખર્ચ ૮૦ થી ૯૦ લાખ રૂપીયાનો થયેલ હોય તે રકમનુ મોટુ આર્થિક નુકશાન પહોચાડવા એન કંપની સાથે છેતરપીંડી કરવા કાવતરૂ રચીને તેઓની જમીનનાં સર્વે નંબરના પ્રત્યક્ષ કબ્જાઓ બદદાનથી અરસ-પરસ બદલાવી નાખ્યા. આરોપી ડાડુભાઇએ પોતાના પ્રત્યક્ષ કબ્જા આધારે પવનચક્કીના પડછાયાના રૂપીયા કંપની પાસેથી મેળવી લેખીત લીઝ એગ્રીમેન્ટ કરેલ હોવા છતા આરોપી રામશીભાઇ સહિત ત્રણેય આરોપીઓએ તેઓની જમીનનાં સર્વે નંબર અરસ-પરસ બદલાવી કંપની સાથે છેતરપીંડી કરી હોવાનો ફરિયાદમાં આરોપ લગાવાયો છે.

અનુ પાના નં.૨ પર

# બેટ પાસે રીક્ષા પલટીઃ મુસાફરો ઈજાગ્રસ્ત

**સમય સંદેશઃ ઓખા**

ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં આવેલા હનુમાનદાંડી રોડ પર જી.જે. ૩૨ જી.યુ. ૦૫૧૫ નંબરની એક રીક્ષા ભાડે રાખીને હનુમાન દાંડી મંદિરે દર્શન કરીને પરત આવી રહેલા તુષારભાઈ અનિલભાઈ પ્રભુણે (ઉ.વ. ૪૯, રહે. સેટેલાઈટ રોડ, અમદાવાદ) તથા તેમના પરિવારજનોની આ રીક્ષા સાથે પુરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૩૭ ક્યુ ૯૫૧૪ નંબરના એક મોટરસાયકલના ચાલકે સામેથી ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

જેના કારણે રીક્ષા પલટી ખાઈ જવા પામી હતી. આ અકસ્માતમાં તુષારભાઈ, તેમની દીકરી અંતરા અને સ્વરા વિગેરેને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. અકસ્માત સર્જીને મોટરસાયકલ ચાલક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ અંગે બેટ દ્વારકા પોલીસે મોટરસાયકલ ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરના ચકચારી ફૂલેકાકાંડમાં ફરાર વેપારી નવસારીથી ઝડપાયો

## ૧૩ જેટલા વેપારીઓને કાપડમાં ધંધામાં અને ક્રેડિટ કાર્ડમાં રોકાણની લાલચ આપી ૧.૩૩ કરોડનું માર્યુ હતું બુચ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સોઢાવાડી વિસ્તારમાં રહેતા મુસ્તાકભાઈ ઇબ્રાહીમભાઈ સાબુવાલા સહિત ૧૩ લોકોને આરોપી હિતેષ લક્ષ્મીકાંત ગોહીલે પોતે કાપડના વેપારી હોવા ઉપરાંત વિવિધ બેન્કોના ક્રેડિટ કાર્ડ એજન્ટ તરીકે કામગીરી કરતો હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો.

ત્યારબાદ કાપડના ધંધા અને ક્રેડિટ કાર્ડ સંબંધિત વ્યવસાયમાં રોકાણ કરવા બદલ આકર્ષક કમિશન આપવાની લાલચ આપી ફરિયાદી અને અન્ય વેપારીઓ પાસેથી ચેક, ઓનલાઈન ટ્રાન્સફર, રોકડ તેમજ ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ.૧.૩૩ કરોડ મેળવ્યા હતા. બાદમાં આરોપીએ રોકાણકારોને ન તો કમિશન ચૂકવ્યું અને ન તો મૂળ રકમ પરત કરી અને તે ગામ મૂકી પરિવાર સાથે ફરાર થઈ જતા ભોગ બનનારાઓએ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ અંગે સીટી 'એ' ડિવિઝન પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની તપાસ દરમિયાન સર્વેલન્સ ટીમે ટેક્નિકલ એનાલિસિસ, મોબાઈલ લોકેશન, કોલ ડિટેઈલ્સ તેમજ સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસ ટીમે નવસારી ખાતે દરોડો પાડી આરોપી હિતેષભાઈ લક્ષ્મીકાંત ગોહીલ (ઉ.વ.૪૩), રહે. વાલ્કેશ્વરી નગરી, શાશ્વત એપાર્ટમેન્ટ, જામનગરને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ અને તપાસ શરૂ કરી છે. સાથે જ પોલીસે જાહેર અપીલ કરી છે કે આરોપીની સમાન રીતથી કોઈ અન્ય વ્યક્તિ પણ છેતરપિંડીનો ભોગ બની હોય તો તેઓ સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com